ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં 'માઁ'ની ભક્તિના અજવાળા પથરાયા

**વરસાદી વાદળો વિખેરાયા ગરબા પ્રેમીઓ હરખાયા : નવરાત પર્વ અંતિમ તબક્કામાં : કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવમાં નવયૌવન હીલોળે ચઢયુ : નામી નેતા અભિનેતા, રમતવીરો, અફસરો, ડોકટર્સ સહીત નગરના અગ્રણીઓ પણ કલ્ચરલ ફોરમના આંગણે : સેકટરોની શેરીઓમાં પણ ગરબાની રમઝટ જામી : છેલ્લા ત્રણ દિવસ હજુ પણ મનભરીને ગરબે ઘુમી લેવા ગરબા પ્રેમીઓ ઉત્સુક**










ગાંધીનગર તા ૨

માંઈ ભકિતના અજવાળા પથરાયા ..વરસાદી વાદળો વિખેરાયા.. ગરબા પ્રેમીઓ હરખાયા... નવરાત પર્વના પ્રારંભે મોસમ ફેવરેબલ નહીં હોવાના અનુમાનો સાથે નવરાત પર્વની ઉજવણી ટાંણે ઉચાટ અનુભવતા ખૈલેયાઓ અને ગરબા પ્રેમીઓ હાલ પુરજોશમાં ગરબે ઘુમતા નજરે પડી રહ્યા છે. નવરાત પર્વની ઉજવણી તેના અંતિમ તબક્કામાં છે. ત્યારે સેકટરોની શેરીઓ અને સંસ્થાકીય ગરબા મહોત્સવમાં સાંજ ઢળતા જ નવયૌવન હીલોળે ચઢતુ નજરે પડે છે. કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવમાં પણ સરકારી અફસરો, નેતાઓ ડોકટર્સ અને રમતવીરો સહીત નગરના અગ્રણીઓને પણ ગરબે ઘુમવાની મજા પડી ગઈ છે. અવનવા ડ્રેસીસમાં સજ્જ ખૈલેયાઓ ધમાકેદાર પરફોર્મન્સ રજુ કરતા શ્રોતાઓ પણ મોજમાં આવી ગયા છે. કોરોના કાળમાં બે વર્ષના અંતે કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રીનુ આયોજન થયુ છે.






ત્યારે નવરાત મહોત્સવના અંતિમ દિવસોમાં ગરબા મેદાનમાં ધુમ મચાવવા માટે ખૈલેયાઓ વધુ ઉત્સુક જોવા મળી રહ્યા છે.

ગાંધીનગરમાં નવલી નવરાતની ઉજવણી પરાકાષ્ટાએ પહોંચી છે. નવદુર્ગાના નવરાત પર્વના અંતિમ તબક્કામાં નવ યૌવન હીલોળે ચઢયુ છે. કોરોનામાં બે વર્ષના વિરામ બાદ આ વર્ષે મનભરીને ગરબે ઘુમવા સાંજ ઢળતા જ ખૈલેયાઓન પગ થિરકતા નજરે પડે છે. નવરાતના પ્રથમ દિવસથી જ ગરબા મેદાન ખૈલેયાઓથી ભરચક જોવા મળી રહ્યા છે. જયારે આજે સતત સાતમા નોરતે પણ ગરબાપ્રેમીઓનો ઉત્સાહ અકબંધ જોવા મળ્યો હતો. સેકટરોની શેરીઓમાં સાંજ ઢળતા જ રંગબેરંગી રોશની અને ધુપની મહેંક સાથે માતાજીની પુજા આરતી બાદ ગરબાની રમઝટ જામે છે. આ વખતે નવરાતમાં શેરી ગરબામાં પણ ખૈલેયાઓ ટ્રેડિશ્નલ ડ્રેસમાં સજ્જ જોવા મળે છે. અલબત્ત શેરી ગરબામાં પણ ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓની સંખ્યા વિશેષ જોવા મળે છે. જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવના ધમાકેદાર આયોજનના લીધે ગરબા પ્રેમીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવમાં અંબાજીથી માતાજીની અખંડ જયોતનુ સ્થાપન કરવામાં આવ્યુ છે. જેના લીધે ગરબા રસિકો દિવ્ય જયોતના દર્શન કરવા માટે પણ વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કલ્ચરલ ફોરમના સે-૧૧ સ્થિત ગરબા મેદાનમાં અવનવા ટ્રેડિશ્નલ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓના ગરબા નિહાળવા માટે અધિકારીઓ , નેતાઓ તેમજ નગરના અગ્રણીઓની પણ વિશેષ હાજરી જોવા મળે છે. કલ્ચરલ ફોરમમાં માંઈ વંદનાની અનોખી શ્રધ્ધા ભકિત સાથે સ્ટેજ પર પરફોર્મ કરતા કલાકારો પણ માત્ર માતાજીના ગરબા જ રજુ કરે છે. જેના લીધે વડીલો અને સિનિયર સિટીઝન્સ પણ ગરબા સાંભળવા માટે વિશેષ હાજરી આપવાનુ પસંદ કરે છે. નગરમાં નવરાત પર્વનો રંગ કલ્ચરલ ફોરમને સંગ નિખર્યો છે. નવરાત પર્વ તેના અંતિમ ચરણમાં પહોંચતા ખેલૈયાઓ અને ગરબા પ્રેમીઓ પણ મનભરીને ગરબે ઘુમી લેવા ઉત્સુક છે. કલ્ચરલ ફોરમના ગરબા મહોત્સવમાં પવિત્ર આઠમના નોરતે યોજવામાં આવતી મહાઆરતી પણ ભાવિકો માટે આસ્થાના કેન્દ્ર સમાન બની છે. મહાઆરતી દરમિયાન દિવડાઓની જગમગ વચ્ચે સર્જાતો દિવ્ય નઝારો નિહાળવા માટે પણ ગાંધીનગર સહીત બહારગામથી પણ ગરબા પ્રેમીઓ અને ભાવિકોની ભીડ ઉમટશે. જયારે સેકટરોની શેરીઓમાં પણ આઠમની પવિત્ર રાત્રે અનોખો ઉજાસ પથરાશે ભાવિકો મહાઆરતી અને બાળા તેમજ બટુક પુજન સહીત નવચંડી યજ્ઞ સહીતના ધાર્મિક કાર્યક્રમોના આયોજનની તૈયારીમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. શહેરમાં નવલી નવરાત પર્વના હેતે ઓવારણા લેતા સેકટરવાસીઓ માતાજીની વિશેષ પુજા અર્ચનામાં મસ્ત અને વ્યસ્ત જોવા મળે છે. ત્યારે કોરોનાના કપરા કાળમાં બે વર્ષના અંતે આ વર્ષે નવરાત્રીની ઉજવણીનો રંગ જામ્યો છે. ત્યારે પ્રથમ દિવસથી જ નગરજનો માંઈ ભકિતના પર્વની એક એક ક્ષણ માંણવા માટે ઉત્સુક જોવા મળ્યા છે. નવરાત પર્વના પ્રારંભે વરસાદી વાદળો ગોરંભાતા ખૈલેયાઓ અને ગરબા મહોત્સવના આયોજકોમાં ચિંતાનુ મોજુ પ્રવર્તયુ હતુ પરંતુ મોસમ પણ ફેવરેબલ રહેતા સૌ ગરબા પ્રેમીઓમાં પણ હર્ષની લાગણી જોવા મળી રહી છે.

## ગાંધીનગરથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે શતાબ્દી એક્સપ્રેસ બંધ

**રેલયાત્રિકો અને સ્થાનિકોમાં આક્રોશ : શતાબ્દી એક્સપ્રેસ ગાંધીનગર સુધી ફરી લંબાવવા માંગણી**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર કેપિટલ સ્ટેશનથી મુંબઈ સેન્ટ્રલ જવા માટે વંદે ભારત ટ્રેઈન શરૂ કરવામાં આવી છે. જયારે કેપિટલ સ્ટેશનના પોકેટમાં નવી ટ્રેઈન આવતા સ્થાનિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે. પરંતુ બીજીતરફ શતાબ્દી એકસપ્રેસ ટ્રેઈન છીનવી લેવાતા નગરજનો આક્રોશ વ્યકત કરી રહ્યા છે. શતાબ્દી એકસપ્રેસ રૂટમાં વધુ સ્ટોપ કરતા યાત્રિકોને વધુ સાનુકુળતા થાય છે. ત્યારે આ ટ્રેઈન ફરીથી ગાંધીનગર લંબાવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. છેલ્લા પાંચ દાયકાથી હાંસિયામાં ધેકલાયેલા કેપિટલ સ્ટેશન પાસે હાઈટેક હોટલનુ નિર્માણ કરવાની સાથે સ્ટેશનનો પણ વિકાસ કરાયો છે. જયારે સ્ટેશનના વિકાસના અંતે નવી ટ્રેઈનો પણ શરૂ કરવામાં આવી રહી છે. અગાઉ સ્ટેશનને નવી ટ્રેઈન મળે તે માટે નગરની શુભ ચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા ૮ હજારથી પણ વધુ પત્રો લખવામાં આવ્યા છે.સ્ટેશનના વિકાસ માટે પણ અનેકવાર રેલવે વિભાગ સુધી રજુઆત કરવામાં આવી છે. અત્યાર સુધી રેલવે સ્ટેશનનુ કામ ચાલતુ હોવાના લીધે હવે સ્ટેશનને નવી ટ્રેઈન મળશે તેવી આશા પણ સ્થાનિકોમાં પ્રબળ બની છે. ત્યારે આસપાસના જંકશન પરથી પસાર થઈ જતી ટ્રેઈન પણ વાયા ગાંધીનગર દોડાવવા માટે પણ વારંવાર રજુઆત કરવામાં આવી છે. જો કે હજુ આ મુજબ ટ્રેઈન સેવા શરૂ થઈ નથી દરવખતે રેલવે બજેટના અંતે કેપિટલ સ્ટેશનના પોકેટમાં ઠેંગો આવતા સ્થાનિકો રોષ પ્રગટ થતો જોવા મળે છે. જો કે ગાંધીનગર કેપિટલ સ્ટેશનને વંદે ભારત ટ્રેઈન મળતા નગરજનોમાં હર્ષની લાગણી વ્યાપી છે. ગાંધીનગરથી મુંબઈ જવા માટે ઝડપી અને સીધી ટ્રેઈન સેવા મળતા રેલયાત્રિકોમાં પણ સંતોષ પ્રવર્તયો છે.

પરંતુ બીજીતરફ શતાબ્દી એકસપ્રેસની સુવિધા છીનવી લેવામાં આવતા સ્થાનિકો રોષ પણ વ્યકત કરી રહ્યા છે. શહેરના અગ્રણીઓએ આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ વંદે ભારત ટ્રેઈન ગાંધીનગરથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે માત્ર અમદાવાદ, વડોદરા, સુરત સ્ટેશને જ સ્ટોપ થાય છે. જયારે શતાબ્દી એકસપ્રેસ નડીયાદ, આણંદ, ભરુચ ,વાપી, બોરીવલ્લી, સ્ટેશનને પણ સ્ટોપ કરતા વધુ યાત્રિકોને લાભ મળે છે અને સરળતા પણ રહે છે. ત્યારે શતાબ્દિ એકસપ્રેસ ગાંધીનગર થઈને દોડવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR.FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## આજે જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનની નિયુક્તી થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની આજે મળનારી બેઠકમાં નવા ચેરમેનની નિયુક્તીનો મુદ્દો હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન તરીકે અને સમિતિના સભ્ય તરીકે દિનેશજી ઠાકોરે બે મહિના પહેલા રાજીનામુ આપ્યુ હતુ અને હાલ આ જગ્યા ખાલી પડી છે.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિમાં ખાલી પડેલી જગ્યા પર સંગઠન દ્વારા તેની પસંદગીને અગ્રતા આપી જગ્યા ભરી હતી. નવા ચેરમેનની નિયુક્તીને લઈ વિવાદ છે. જો કે નવા ચેરમેનની પસંદગી સર્વાનુમતે કરાશે તેવુ સંગઠનના સૂત્રો કહી રહ્યા છે.

આજે બપોરે ૩ વાગે કારોબારી સમિતિની બેઠક મળશે અને ચેરમેનના નામનો મેન્ડેટ આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે. કારોબારી સમિતિની બેઠકો ઓછી મળી હોવાથી સમિતિનું કાર્યભારણ વધી ગયુ છે જો કે હવે આજની બેઠકમાં ચેરમેનની નિયુક્તી પછી કામમાં ગતિ આવશે તેમ મનાઈ રહ્યુ છે.

## શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૬ કેસ નોંધાયા

**સે. ૩, ૪, ૨૯ અને ઈન્ફોસીટીમાંથી એક-એક કેસ નોંધાયો : કલોલના નારદીપુર ગામેથી બે કેસ કોરોનાના મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૬ કેસ નોંધાયા છે. શહેરમાં નવા ૪ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ રહેતાં તંત્રની ચિંતા વધી છે. નવા કેસો લોકલ ટ્રાન્સમિશનથી વધી રહ્યા છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયાનું મનાઈ રહ્યુ છે.

કોરોના ગાઈડલાઈનના પાલનમાં લોકોની બેદરકારી અને મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યા એ તંત્રની ચિંતા વધારી છે. શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા કેસો પણ લોકલ ટ્રાન્સમિશનથી જ નોંધાયા હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં છુટા છવાયા વિસ્તારોમાંથી જે રીતે કેસો અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારમાંથી મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરના સે. ૩ માંથી ૩૩ વર્ષીય મહિલા, સે. ૪ માંથી ૪૧ વર્ષીય મહિલા, સે. ૨૫ માંથી ૬૦ વર્ષીય મહિલા અને ઈન્ફોસીટી વિસ્તારમાંથી ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ કલોલ તાલુકામાં નોંધાયા છે. કલોલ તાલુકાના નારદીપુર ગામે આજે ૨૪ વર્ષીય યુવાન અને ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

## 'જે પીડ પરાઈ જાણે રે....' અંતર્ગત સૂર અને શબ્દથી પૂ.બાપુની ભાવવંદના

**પંડિત નીરજ પરીખના સ્વરમાં સૂર અને શબ્દના રસાસ્વાદ કાર્યક્રમ યાદગાર બન્યો : કલાગુર્જરી દ્વારા સતત સોળમાં વર્ષે કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે....'નું આયોજન કરાયું**



ગાંધીનગર તા.૨

શહેરમાં ચાલી રહેલી નવરાત્રીની ઉત્સાહપૂર્ણ ઉજવણી વચ્ચે સતત સોળમાં વર્ષે રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીની જન્મજયંતિની કલાગુર્જરી દ્વારા ઉજવણીનું આયોજન કરાયું હતું. કોરોના મહામારીના કારણે ગત બે વર્ષ દરમ્યાન ઓનલાઈન કાર્યક્રમ યોજ્યાં બાદ ફરી એકવાર સેક્ટર-૧૭માં ટાઉનહોલ સામેના મેદાનમાં સૂર અને શબ્દથી પૂ. બાપુની ભાવવંદના "ઓફલાઈન" કાર્યક્રમ "...જે પીડ પરાઈ જાણે રે" યોજાતાં શહેરના ગાંધીપ્રેમીઓમાં આનંદ વર્તાયો હતો અને તેમણે પ્રસિદ્ધ કલાકાર નીરજ પરીખ, અમીબેન અને તેમના વૃંદ દ્વારા પ્રસ્તુત કરાયેલાં પૂ.બાપુની પસંદગીના આશ્રમ ભજનાવલી પૈકીના કર્ણપ્રિય ભજનોનો રસાસ્વાદ માણ્યો હતો. કાર્યક્રમમાં મનોજ શુકલએ પૂ.બાપુના જીવનના રસપ્રદ અને રોચક પ્રસંગોને રસાળ શૈલીમાં પ્રસ્તુત કરીને કાર્યક્રમને યાદગાર બનાવવામાં કોઈ કસર છોડી નહોતી.

પૂ.બાપુની ભાવવંદનાના કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતા, પૂર્વ ધારાસભ્યોના સંગઠનના ચેરમેન

● અનુસંધાન પાન-૭ પર

## ગુડા દ્વારા હવે દુકાનોની પણ ભાડા પેટે આપવા હરાજી કરવામાં આવશે

**ગુડા દુકાનો ભાડાથી આપવા આગામી ૧૩મી એ હરાજી કરશે**

ગુડા દ્વારા આવકના નવા સ્ત્રોત ઉભા કરવા માટે પ્લોટસ ની હરાજી કરવામાં આવે છે જયારે હવે દુકાનોની પણ ભાડા પેટે આપવા હરાજી કરવામાં આવશે. વિવિધ ચાર ટાઉન પ્લાનિંગ સ્કીમ અંતર્ગત કુડાસણ, સરગાસણ અને રાયસણ વિસ્તારમાં આવેલી ૧૨ ગાર્ડન શોપની ભાડાપટ્ટેથી ફાળવણી કરાશે. આગામી તા ૧૩મી ના રોજ દુકાનોની હરાજી કરવામાં આવશે.

ગુડાના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૬માં કુડાસણ વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલા બગીચામાં ૯ ચોરસ મીટરથી લઈને ૧૧.૬૬ ચોરસ મીટર જેવું ક્ષેત્રફળ ધરાવતી ચાર દુકાનો માટે તળિયાના માસિક ભાડાની કિંમત રૂપિયા ૭,૬૫૦થી શરૂ કરીને ૯,૯૦૦ સુધી નક્કી કરાઈ છે જ્યારે ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૮માં સરગાસણ વિસ્તારમાં બે ગાર્ડન શોપ ૮.૬૧ ચોરસ મીટર અને ૧૧.૮૬ ચોરસ મીટરના ક્ષેત્રફળની છે. તેના માટે રૂપિયા ૫,૯૦૦ અને ૮,૧૫૦ ભાડું નિયત કરવામાં આવ્યું છે.

સરગાસણમાં જ ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૯ના વિસ્તારમાં એક ગાર્ડન શોપ ૨૪.૫૦ ચોરસ મીટરના ક્ષેત્રફળની છે અને તેનું ભાડું ૨૨,૮૦૦ આ ઉપરાંત ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૧૯માં રાયસણ વિસ્તારમાં ૪ ગાર્ડન શોપ પણ માસિક ભાડાપટ્ટેથી ફાળવવામાં આવશે જે અન્વયે ૪.૦૯ ચોરસ મીટરથી લઈને ૪.૨૧ ચોરસ મીટરની દુકાનો માટે તળિયાની માસિક ભડાની કિંમત રૂપિયા ૩,૮૦૦થી લઈને ૩,૯૦૦ નિયત કરાઈ છે દુકાનમાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com